For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**આપમાં આંતરિક 'જંગ'** વડોદરા શહેર પ્રમુખે પોતાના જ પક્ષના કાર્યકર સામે રચ્યું ષડયંત્ર, તપાસમાં ચોંકાવનારા ખુલાસા

## ઘરના જ ઘાતકી

# રાજકીય હરીફને હટાવવા આપ પ્રમુખ અશોક ઓઝાની IB અધિકારીના નામે ધમકી

**ઓડિયો** ક્લિપ વાયરલ થતા ભાંડો ફૂટ્યો, સાયબર ક્રાઇમે બે આરોપીઓને જેલહવાલે કર્યા

(પ્રતિનિધિ) આણંદ, તા.30

રાજકીય હરીફાઈ જ્યારે વ્યક્તિગત દુશ્મનાવટ અને કાવતરાખોરી સુધી પહોંચી જાય ત્યારે તેના ગંભીર પરિણામો સામે આવે છે. આવો જ એક ચોંકાવનારો કિસ્સો આણંદ સાયબર ક્રાઇમની તપાસમાં બહાર આવ્યો છે, જેમાં આમ આદમી પાર્ટીના વડોદરા શહેર પ્રમુખે પોતાના જ પક્ષના એક કાર્યકરને ડરાવી-ધમકાવી રાજકીય મેદાનમાંથી દૂર કરવા માટે ઇન્ટેલિજન્સ બ્યુરો (IB)ના અધિકારીના નામે ધમકી અપાવવાનું પૂર્વ આયોજિત કાવતરું રચ્યાનો આરોપ છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, પાર્ટી દ્વારા કેશવજી ચૌહાણને સંગઠનના કાર્ય માટે વડોદરા મોકલવામાં આવ્યા હતા. જોકે, શહેર પ્રમુખ અશોક ચંદ્રકાંતભાઈ ઓઝા તેમને પોતાના રાજકીય હરીફ તરીકે જોતા હતા. ધીમે ધીમે આ હરીફાઈ એટલી તીવ્ર બની ગઈ કે કેશવજીને વડોદરાથી દૂર કરવા માટે કાવતરું ઘડવામાં આવ્યું હોવાનો આરોપ છે.

તપાસ દરમિયાન સામે આવ્યું છે કે અશોક ઓઝાએ નીતિન ધીરૂભાઈ ડાંગરીયાની મદદથી યોજના બનાવી હતી. આરોપ મુજબ, નીતિન ડાંગરીયાએ પોતાની ઓળખ ઇન્ટેલિજન્સ બ્યુરોના અધિકારી તરીકે આપી કેશવજી ચૌહાણને ડિજિટલ માધ્યમથી ધમકીભર્યો ફોન કર્યો હતો. આ વાતચીતની ઓડિયો ક્લિપ સોશિયલ મીડિયામાં વાયરલ થતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો અને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જગાવી હતી.

આણંદ સાયબર ક્રાઈમે ટેક્નિકલ અને ડિજિટલ પુરાવાઓના આધારે અશોક ચંદ્રકાંતભાઈ ઓઝા તથા નીતિન ધીરૂભાઈ ડાંગરીયાની ધરપકડ કરી છે. બંને સામે ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ 61(2), 204, 351(1) તેમજ ઇન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટની કલમ 66-ડી હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હાલ પોલીસે સમગ્ર કાવતરાના અન્ય પાસાં અને સંભવિત સંડોવણી અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## અરવિંદ કેજરીવાલે ટ્વીટ તો કરી પણ તેમના જ પક્ષની આબરૂ ગઈ



આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલે ગુજરાતમાં કામ કરતા આમ આદમી પાર્ટીના કાર્યકરોને ઇન્ટેલિજન્સ બ્યુરો તરફથી વેરિફિકેશન માટે ફોન આવતા હોવાનો ગંભીર મુદ્દો ઉઠાવ્યો હતો. આ અંગે એક ટ્વીટમાં તેમણે આક્ષેપ કર્યો કે, જ્યારે તેમણે આ નંબર પર વળતો ફોન કરી પૂછ્યું કે કયા કાયદા હેઠળ તપાસ થઈ રહી છે ? ત્યારે સામેથી ફોન કાપી નાખવામાં આવ્યો હતો. તેમણે સવાલ કર્યો કે શું દેશના નાગરિકોએ એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં કામ માટે જવા બદલ આઈબી વેરિફિકેશન કરાવવું અનિવાર્ય છે? આગામી ગુજરાત પ્રવાસ દરમિયાન તેઓ પોતે આઈબી ઓફિસ જઈને આ અંગે ખુલાસો માંગશે. તેવી ચીમકી પણ તેમણે ઉચ્ચારી હતી.




**છેલ્લા ચાર મહિનાથી પાર્ટીને નુકસાન થતું હોવાનો આક્ષેપ**

## કેશવ ચૌહાણને હટાવવા 'ફેક આઈબી ઓફિસર'નો ખેલ; અશોક ઓઝા અને નિતિન ડોબરિયાની ધરપકડ

**ઉપરના** નેતૃત્વએ અવગણના કરતા પોતે પગલું ભર્યાનો દાવો

**પાર્ટીમાં** આંતરિક વિખવાદ અને ટિકિટ વિવાદથી નારાજ ઓઝાએ મિત્ર મારફતે રચ્યો પ્લાન; અરવિંદ કેજરીવાલ સાથેની ફોન વાતચીતનો પણ કર્યો ખુલાસો

(પ્રતિનિધિ) વડોદરા તા.30

આમ આદમી પાર્ટીના વડોદરા શહેર પ્રમુખ અશોક ઓઝાએ પોલીસ સમક્ષ આપેલા નિવેદનમાં પાર્ટીમાં ચાલતા આંતરિક વિવાદો અને કેશવ ચૌહાણ સાથેના મતભેદોને લઈને મહત્વના ખુલાસા કર્યા છે. ઓઝાએ જણાવ્યું કે તેઓ છેલ્લા છ વર્ષથી પાર્ટી સાથે જોડાયેલા છે અને સાડા ત્રણ વર્ષથી શહેર પ્રમુખ તરીકે કામગીરી કરી રહ્યા છે. તેમના જણાવ્યા મુજબ છેલ્લા ચાર મહિનાથી કેશવ ચૌહાણની કામગીરીના કારણે પાર્ટીને નુકસાન થઈ રહ્યું હતું અને ખોટા લોકોને ટિકિટ અપાતા તેમના પાંચ તૈયાર ઉમેદવારો ભાજપમાં જોડાઈ ગયા હતા.



આપ પાર્ટીના મહાનુભાવો સાથે તસવીરમાં દેખાતો અશોક ઓઝા

ઓઝાએ દાવો કર્યો કે આ મુદ્દે તેમણે પાર્ટીના ઉચ્ચ નેતૃત્વ સુધી વાત પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. અરવિંદ કેજરીવાલ તેમજ ગુજરાતના પ્રભારી ગોપાલ રાયના કાર્યાલય સુધી રજૂઆત કરવા છતાં કોઈ પ્રતિસાદ મળ્યો નહોતો. વધુમાં, એક કોન્ફરન્સ કોલ દરમિયાન તેમની વ્યક્તિગત જિંદગી અંગે ટિપ્પણીઓ થતાં તેમને માનસિક રીતે આઘાત પહોંચ્યો હતો.

આ પરિસ્થિતિમાં કેશવ ચૌહાણને વડોદરાથી હટાવવાના ઈરાદાથી તેમણે પોતાના મિત્ર નિતિન ડોબરિયાની મદદ લીધી હતી. ઓઝાના જણાવ્યા મુજબ, નિતિને કેશવ ચૌહાણને ફોન કરીને પોતે આઈબી અધિકારી હોવાનું ખોટું ઓળખાણ આપી વેરિફિકેશનના નામે ધમકાવ્યા હતા. ત્યારબાદ આવેલા વળતા ફોન દરમિયાન સ્પીકર પર વાતચીત સાંભળીને સામે અરવિંદ કેજરીવાલ હોવાનું ઓઝાએ ઓળખ્યું હતું.

ઓઝાએ સ્વીકાર્યું કે સમગ્ર ઘટનામાં કોઈ સરકારી એજન્સી, આઈબી કે પોલીસની સંડોવણી નહોતી અને પાર્ટીના આંતરિક વિવાદોને કારણે તેમણે આ પગલું ભર્યું હતું. હાલ પોલીસે અશોક ઓઝા અને નિતિન ડોબરિયાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

**પદભાર સંભાળતાની સાથે જ મેયર ગીતાબેન મકવાણાએ બોલાવી હાઈ-પ્રોફાઈલ બેઠક**

## વિશ્વામિત્રી પ્રોજેક્ટ, વોટર લોગિંગ પોઈન્ટ્સ અને તળાવોના ઈન્ટરલિંકિંગ પર ખાસ ફોકસ

**વડોદરાને** પૂરમુક્ત બનાવવા મેયરની મહાકવાયત શરૂ



(પ્રતિનિધિ) વડોદરા તા.30

ચોમાસાના આગમનને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે વડોદરા શહેરને પૂર અને જળબંબાકારની સ્થિતિથી બચાવવા માટે મહાનગરપાલિકાએ તૈયારીઓ તેજ કરી દીધી છે. નવનિયુક્ત મેયર ગીતાબેન મકવાણાએ પદભાર સંભાળ્યાના બીજા જ દિવસે પ્રી-મોન્સૂન કામગીરીની સમીક્ષા માટે ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી.

મેયરના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં ડેપ્યુટી મેયર, સ્થાયી સમિતિના ચેરમેન અને મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કમિશનરે ચોમાસા દરમિયાન ઊભી થનારી સંભવિત પરિસ્થિતિઓ સામે કોર્પોરેશનની સજ્જતા દર્શાવતું પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.

બેઠકમાં કેચપીટની સફાઈ, વરસાદી ચેનલો અને તળાવોની ઊંડાઈ વધારવા, ડ્રેનેજ લાઈનો બદલવા, રસ્તાઓના સમારકામ તથા ગાર્ડન મેન્ટેનન્સના કામો સમયમર્યાદામાં પૂર્ણ કરવા સૂચના અપાઈ હતી. ઉપરાંત નીચાણવાળા વિસ્તારોમાં હેવી પંપ મૂકવા, કંટ્રોલ રૂમને વધુ સક્ષમ બનાવવા, જર્જરિત મકાનો ખાલી કરાવવા અને ઈમર્જન્સી માટે વિશેષ ટીમો તૈનાત કરવા અંગે પણ ચર્ચા થઈ હતી. મેયર ગીતાબેન મકવાણાએ જણાવ્યું હતું કે ગત વર્ષે પાણી ભરાવાની સમસ્યા સર્જાયેલા વિસ્તારોમાં આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. બેઠકમાં વિશ્વામિત્રી નદી પ્રોજેક્ટની કામગીરી, નદીના કુદરતી પ્રવાહને અવરોધતા દબાણો દૂર કરવા તેમજ ઐતિહાસિક તળાવોના ઈન્ટરલિંકિંગ દ્વારા શહેરની પાણી નિકાલ વ્યવસ્થા વધુ મજબૂત બનાવવા માટે રોડમેપ પણ તૈયાર કરવામાં આવ્યો હતો.

**ડોક્યુમેન્ટ પૂર્ણ હોવા છતાં પ્રવેશ ન મળતા વાલીઓમાં રોષ**

## RTE પ્રવેશમાં આંગણવાડીના બાળકો સાથે અન્યાય, DEO કચેરીએ હોબાળો

**તાત્કાલિક** કાર્યવાહી કરવાની માંગ

**'પૈસા** લઈને અન્ય વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો?' વાલીઓએ ઉઠાવ્યા ગંભીર સવાલો



(પ્રતિનિધિ) વડોદરા, તા.30

RTE (રાઈટ ટુ એજ્યુકેશન) હેઠળ પ્રવેશ મળવો જોઈએ તેમ છતાં શહેરના અનેક આંગણવાડીના બાળકોને હજુ સુધી શાળામાં એડમિશન ન મળતા વાલીઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. આ મુદ્દે આજે મોટી સંખ્યામાં વાલીઓ જિલ્લા શિક્ષણાધિકારી (DEO) કચેરીએ પહોંચ્યા હતા અને ઉગ્ર રજૂઆત કરી હતી.

વાલીઓનું કહેવું છે કે બાળકોના તમામ જરૂરી દસ્તાવેજો પૂર્ણ હોવા છતાં તેમને RTE હેઠળ પ્રવેશ આપવામાં આવ્યો નથી. વાલી અનીશભાઈએ જણાવ્યું હતું કે પ્રથમ અને બીજા રાઉન્ડની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને હવે ત્રીજા રાઉન્ડની તૈયારી ચાલી રહી છે, છતાં આંગણવાડીના બાળકોને પ્રવેશથી વંચિત રાખવામાં આવી રહ્યા છે. ડોક્યુમેન્ટમાં ભૂલ સુધાર્યા પછી પણ એડમિશન ન મળવું યોગ્ય નથી.

વાલીઓએ ગંભીર આક્ષેપ કરતા સવાલ ઉઠાવ્યો હતો કે જો તમામ દસ્તાવેજો પૂર્ણ હોય છતાં પ્રવેશ ન મળે તો શું અન્ય વિદ્યાર્થીઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે? આગામી 8 જૂનથી શાળાઓ શરૂ થવાની હોવાથી વાલીઓની ચિંતા વધી છે.

વાલીઓનો દાવો છે કે અનેક આંગણવાડીના બાળકો હજુ સુધી પ્રવેશથી વંચિત છે. તેમણે માંગ કરી છે કે પાત્ર તમામ બાળકોને તાત્કાલિક પ્રવેશ આપવામાં આવે, અન્યથા આગામી દિવસોમાં વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

## TTE એ યુવતીને AC કોચમાં બોલાવી અશ્લીલ હરકત કરી

**માસીના** પરિચિતનો વિશ્વાસ તૂટ્યો, આરોપી મોબાઇલ સ્વીચ ઓફ કરી ફરાર

**TTE સામે** યુવતીની ફરિયાદ, વડોદરા રેલવે પોલીસે ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

વડોદરામાં અભ્યાસ કરતી એક યુવતી સાથે ટ્રેનના ફર્સ્ટ એસી કોચમાં અશ્લીલ હરકતો અને શારીરિક અડપલાં કર્યાનો ગંભીર આરોપ રેલવેના TTE સામે નોંધાતા ચકચાર મચી ગઈ છે. યુવતીની ફરિયાદના આધારે વડોદરા રેલવે પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ મહારાષ્ટ્રના નાલાસોપારા ખાતે રહેતા સંજયકુમાર બાબુલાલ ઝીણા રેલવેમાં TTE તરીકે ફરજ બજાવે છે અને યુવતીના પરિવારજનો તેમજ તેની માસીના પરિચિત છે. યુવતીને પોતાની માસી માટે ડ્રેસ મોકલવાનો હોવાથી માસીએ સંજય ઝીણા મારફતે ડ્રેસ મોકલવાની સલાહ આપી હતી.

આરોપ મુજબ સંજય ઝીણાએ યુવતીને ગોલ્ડન ટેમ્પલ એક્સપ્રેસના ફર્સ્ટ એસી કોચ પાસે બોલાવી હતી. ડ્રેસ પહોંચાડવાના બહાને યુવતીને કોચની અંદર લઈ જઈ તેની સાથે અશ્લીલ હરકતો અને શારીરિક અડપલાં કર્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

ઘટનાથી આઘાતમાં આવેલી યુવતીએ મહારાષ્ટ્રમાં ફરિયાદ નોંધાવી હતી, જે બાદ ઝીરો નંબરની ફરિયાદ વડોદરા રેલવે પોલીસને ટ્રાન્સફર કરવામાં આવી હતી. પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા કાર્યવાહી શરૂ કરી છે. પ્રાથમિક માહિતી મુજબ આરોપી મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરી ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે.

**350થી વધુ કર્મચારીઓ આર્થિક સંકટમાં, લોનના હપ્તા અને બાળકોની ફી ભરવામાં મુશ્કેલી**

## બે મહિનાથી પગાર વિનાના NHM કર્મીઓનો હલ્લાબોલ, પાલિકા કચેરીએ ઉગ્ર રજૂઆત

**નવી** ટ્રેઝરી-પોર્ટલ સિસ્ટમ સામે રોષ, પાલિકાનો દાવો: 'બે-ત્રણ દિવસમાં પગાર જમા થશે'



(પ્રતિનિધિ) વડોદરા, તા.30

વડોદરા મહાનગરપાલિકા હેઠળ કાર્યરત નેશનલ હેલ્થ મિશન (NHM)ના કર્મચારીઓ છેલ્લા બે મહિનાથી પગાર ન મળતા આર્થિક કટોકટીમાં મુકાયા છે. પગારની અનિયમિતતા સામે રોષ વ્યક્ત કરવા મોટી સંખ્યામાં કર્મચારીઓ આજે મહાનગરપાલિકાની મુખ્ય કચેરીએ પહોંચ્યા હતા અને તાત્કાલિક નિરાકરણની માંગ સાથે રજૂઆત કરી હતી.

કર્મચારીઓના જણાવ્યા મુજબ, છેલ્લા છથી સાત મહિનાથી પગાર ચુકવણીની પ્રક્રિયામાં સતત વિલંબ થઈ રહ્યો છે. નવી એચઆરએમએસ પોર્ટલ અને ટ્રેઝરી આધારિત ચુકવણી વ્યવસ્થા અમલમાં આવ્યા બાદ વહીવટી પ્રક્રિયા વધુ જટિલ બની છે. પરિણામે ગ્રાન્ટ અને પગારની ફાઈલો વિવિધ કચેરીઓમાં અટવાઈ રહી હોવાનું કર્મચારીઓનું કહેવું છે.

કર્મચારી પ્રતિનિધિ પ્રતીક શાહે જણાવ્યું હતું કે ગ્રાન્ટ ઉપલબ્ધ હોવા છતાં હજુ સુધી પગાર જમા થયો નથી. આ સ્થિતિને કારણે કર્મચારીઓને બેંક લોનના હપ્તા, ઘરખર્ચ, બાળકોની સ્કૂલ ફી અને અન્ય જરૂરી ખર્ચ માટે ઉધાર લેવાની ફરજ પડી રહી છે. ઘણા કર્મચારીઓએ આર્થિક સંકટના કારણે રોજિંદા ખર્ચા ચલાવવામાં પણ મુશ્કેલીઓ પડી રહી હોવાનું જણાવ્યું હતું.

કર્મચારીઓએ ચેતવણી આપી હતી કે જો આગામી દિવસોમાં પ્રશ્નનો ઉકેલ નહીં આવે તો તેઓ વધુ ઉગ્ર આંદોલનનો માર્ગ અપનાવવા મજબૂર બનશે. સમયસર પગાર ચૂકવવાની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે પણ તેમણે તંત્ર સમક્ષ માંગણી કરી હતી.

બીજી તરફ આરોગ્ય અધિકારી મુકેશ વૈધે જણાવ્યું હતું કે નવી ટ્રેઝરી સિસ્ટમના પ્રારંભિક તબક્કાના કારણે વિલંબ થયો છે. તમામ બિલો ટ્રેઝરીમાં મોકલી દેવામાં આવ્યા છે અને આગામી બે-ત્રણ દિવસમાં બાકી રહેલા કર્મચારીઓના ખાતામાં પગાર જમા થઈ જશે.

## દારૂની પાર્ટી બાદ વેપારીની હત્યા કરનાર બુટલેગરના બે દિ'ના રિમાન્ડ

**હત્યાના** સમયે હાજર પૂર્વ ક્રિકેટર જેકોબ માર્ટિન કેમ ભાગી ગયો શંકાસ્પદ ભૂમિકાની પણ તપાસ

(પ્રતિનિધિ) વડોદરા તા.30

રાવપુરામાં કેટરિંગના ધંધાની હરીફાઈમાં થયેલો વિવાદ વેપારી માટે જીવલેણ સાબિત થયો છે. મિત્ર વચ્ચેની બોલાચાલી બાદ થયેલા ચાકુના હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા કેટરિંગ વ્યવસાયી બાબુસિંહ ચૌહાણનું મોત નીપજ્યું હતું. આ કેસમાં પોલીસે હત્યાના આરોપી હીરેન સુરેશ ઠક્કરની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે તેના બે દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે.

પોલીસ તપાસ મુજબ, બાબુસિંહ ચૌહાણ મોડી રાત્રે તેમના કેટલાક મિત્રો સાથે રાવપુરા વિસ્તારમાં રામવે પ્લાઝા નજીક ભેગા થયા હતા. દારૂની પાર્ટી દરમિયાન કેટરિંગના ધંધામાં ચાલતી સ્પર્ધા અને અન્ય મુદ્દાઓને લઈને તેમની અને હીરેન ઠક્કર વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. વિવાદ વધતા હીરેન ઠક્કરે ચાકુ વડે બાબુસિંહની છાતી અને પાંસળીના ભાગે અનેક ઘા ઝીંક્યા હતા.

ગંભીર રીતે ઘાયલ બાબુસિંહે કારમાં બચવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ વધુ લોહી વહેતા કાબૂ ગુમાવતા કાર વીજ થાંભલા સાથે અથડાયું હતું. ત્યારબાદ તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબોએ મૃત જાહેર કર્યા હતા. પોલીસે આરોપીની ધરપકડ કરી કોર્ટ સમક્ષ રજૂ કરીને રિમાન્ડની માંગણી કરી હતી. રિમાન્ડ દરમિયાન આરોપી હત્યા બાદ ક્યાં ભાગ્યો, તેને કોણે આશરો આપ્યો, ગુનામાં અન્ય કોઈની સંડોવણી છે કે નહીં, હત્યાનું રિકન્સ્ટ્રક્શન, હત્યાનો મુખ્ય હેતુ તેમજ કેટરિંગ વ્યવસાયીને નિશાન બનાવી હત્યા પૂર્વનિયોજિત હતી કે નહીં તે સહિતના મુદ્દાઓ પર પૂછપરછ કરવામાં આવશે. ઘટનાના સમયે હાજર રહેલા પૂર્વ ક્રિકેટર જેકોબ માર્ટિનની સંભવિત ભૂમિકાની દિશામાં પણ પોલીસે તપાસ શરૂ કરી છે.

**JEE, GUJCET, CUET સહિત 10+ પ્રવેશ પરીક્ષાઓના ચક્કરમાં વાલીઓ પરેશાન**

## ૧ સીટ, ૧૦ પરીક્ષા : એન્જિનિયરિંગનું સપનું મોંઘુ પડ્યું

**૧૫૦૦થી** ૫૬૦૦ સુધીની એક્ઝામ ફી, 1 લાખ સુધી ખર્ચ

**જેઈઈનો** સિલેબસ ગુજરાત બોર્ડથી અલગ હોવાથી સ્થાનિક વિદ્યાર્થીઓને નુકસાન

(પ્રતિનિધિ) વડોદરા,તા.30

ધોરણ-12 સાયન્સ બાદ એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે બોર્ડની પરીક્ષા બાદ પણ પરીક્ષા સીઝન પૂરી થતી નથી. જેઈઈ મેન, એડવાન્સ, ગુજકેટ, ક્યુસેટ અને ખાનગી યુનિવર્સિટીઓની એન્ટ્રન્સ ટેસ્ટ સહિત ઓછામાં ઓછી 10 પરીક્ષાઓ, કાઉન્સેલિંગ રાઉન્ડ, ફોર્મ ફી અને મુસાફરીનો ખર્ચ એડમિશન પ્રક્રિયાને થકવી નાખનારી અને ખર્ચાળ મેરેથોન બનાવી દે છે.

દિવસેને દિવસે ભણતર મોંઘું બની રહ્યું છે. જેના કારણે વાલીઓને ગમે તે પ્રકારે પોતાના બાળકોના ભવિષ્ય માટે ઘણી મુશ્કેલીઓ વેઠવી પડતી હોય છે. વડોદરાના એક વાલીએ જણાવ્યું હતું કે, મારા દીકરાએ પરીક્ષા ફોર્મ, ટ્રાવેલ અને કાઉન્સેલિંગમાં જ 1 લાખ ખર્ચી નાખ્યા. ઘણી સંસ્થાઓ 1,500 થી 5,600 માત્ર ફોર્મની ફી લે છે. ક્વોલિફાય થયા બાદ સીટ એલોકેશન માટે ફરી 1,000 થી 10,000 કાઉન્સેલિંગ ફી ભરવી પડે છે. અન્ય એક વાલીએ જણાવ્યું હતું કે, મે એપ્લિકેશન અને કાઉન્સેલિંગમાં 1 લાખ ખર્ચ્યા. એક સીટ મળ્યા બાદ બીજી સારી કોલેજ મળે તો આખી ફી ફરી ભરો અને રિફંડ માટે એક મહિનો રાહ જુઓ. સેકન્ડ યરના વિદ્યાર્થી પંકજે જણાવ્યું હતું કે, ધો.12 બાદ મેં ઓછામાં ઓછી છ અલગ-અલગ એન્ટ્રન્સ ટેસ્ટ આપી. મે મહિના સુધીમાં ફી થયો. નીટ જેવી એક નેશનલાઈઝ્ડ એડમિશન સિસ્ટમ કેમ ન હોય જેથી બોજ ઘટે? વિવેક નામના એક વિદ્યાર્થીએ કહ્યું હતું કે, હવે ઘણી બધી પરીક્ષાઓ છે. એન્જિનિયરિંગ એડમિશન મુખ્યત્વે જેઈઈ પર અને સ્ટેટ કોલેજ માટે એક અલગ પરીક્ષા પર હોવું જોઈએ. અત્યારે વિદ્યાર્થીઓ માનસિક રીતે થાકી ગયા છે અને વાલીઓ પર આર્થિક દબાણ છે.




ગુજરાતે 2004-05માં જેઈઈ સાથે એડમિશન શરૂ કર્યું હતું, પરંતુ સ્થાનિક વિદ્યાર્થીઓ પર દબાણ વધતાં 2017માં ગુજકેટ ફરી મુખ્ય પ્રવેશદ્વાર બન્યું. રાજ્યના 1.40 લાખ વિદ્યાર્થીઓ દર વર્ષે ગુજકેટ આપે છે.

હવે ફરી ચર્ચા છે કે ગુજકેટ રદ કરી સંપૂર્ણપણે જેઈઈ પર જવું કે સ્ટેટ લેવલની પરીક્ષા ચાલુ રાખવી. અધિકારીઓ કબૂલે છે કે જેઈઈનો સિલેબસ ગુજરાત બોર્ડથી અલગ હોવાથી સ્થાનિક વિદ્યાર્થીઓને નુકસાન થાય છે. મેડિકલમાં માત્ર નીટથી પ્રવેશ થાય છે, જ્યારે એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓએ અલગ-અલગ પેટર્ન અને સિલેબસની અનેક પરીક્ષાઓ આપવી પડે છે જે આર્થિક અને માનસિક બોજ વધારે છે.

**બોર્ડને પત્ર લખી ઉગ્ર રજૂઆત, લાઇફ ટાઇમ દસ્તાવેજને ખરાબ થવાનો ભય**

## ધો.૧૦-૧૨ના ગુણપત્રકની હલકી ગુણવત્તા સામે શાળા સંચાલક મહામંડળ લાલઘૂમ

**પરિણામના** દિવસે જ ગુણપત્રક આપવાની માગણી કરવામાં આવી

(પ્રતિનિધિ) વડોદરા,તા.30

ગુજરાત શાળા સંચાલક મહામંડળે ધો.10 અને ધો.12ના ગુણપત્રક-પ્રમાણપત્રોની અત્યંત નબળી ક્વોલિટી સામે શિક્ષણ બોર્ડને આકરો પત્ર લખ્યો છે. માર્ચ-2026ની બોર્ડ પરીક્ષાના પરિણામો બાદ લાંબા વિલંબથી અપાયેલા ગુણપત્રકો સંપૂર્ણપણે રદ્દી કાગળ પર છાપવામાં આવ્યા હોવાનો આક્ષેપ કરતાં મહામંડળે નવેસરથી અગાઉની ગુણવત્તાવાળા દસ્તાવેજો આપવા માંગ કરી છે.

રાજ્યભરના જિલ્લાઓમાંથી મળેલી ફરિયાદોના આધારે શાળા સંચાલક મહામંડળે બોર્ડને બે મુખ્ય મુદ્દે રજૂઆત કરી છે. જેમાં જણાવાયું છે કે, અગાઉ પરિણામ જાહેર થાય તે જ દિવસે શાળાઓને વિતરણ કેન્દ્ર પરથી ગુણપત્રકો મળી જતા હતા. આ વર્ષે પરિણામ બાદ લાંબા દિવસો પછી વિદ્યાર્થીઓને દસ્તાવેજો મળ્યા, જેના કારણે એડમિશન પ્રક્રિયામાં તકલીફ પડી. માર્ચ 2026ની પરીક્ષા બાદ અપાયેલા ગુણપત્રક અને પ્રમાણપત્ર ખૂબ જ નબળી કક્ષાના કાગળ પર છાપેલા છે. અગાઉના ગુણપત્રકોની તુલનામાં સંપૂર્ણપણે રદ્દી કાગળ વપરાયો છે જે ખૂબ જ દુઃખદ બાબત છે. આ ગંભીર બાબતથી વિદ્યાર્થીઓ-વાલીઓમાં ઉગ્ર આક્રોશ છે. કેટલાક વાલીઓએ ગુણપત્રક લેવાની ના પાડી દીધી છે અને શાળાના આચાર્યો સાથે વાદવિવાદ-ઝઘડા કર્યા છે. વાલીઓની દલીલ છે કે, ધો.10-12ના દસ્તાવેજો લાઈફ ટાઈમ સાચવવાના હોય છે. નોકરી, ઉચ્ચ અભ્યાસ, પાસપોર્ટ સહિતની પ્રક્રિયામાં આજીવન જરૂર પડે છે. નબળા કાગળને કારણે થોડા વર્ષોમાં જ ખરાબ થઈ જવાનો ભય છે. પત્રમાં ઉલ્લેખ છે કે વિદ્યાર્થીઓએ ધો.10-12ની બોર્ડ પરીક્ષા માટે ફી ભરેલી છે. અગાઉ તેમના ભાઈ-બહેનોને મળેલા ગુણપત્રકો સાથે સરખામણી કરતાં આ વખતની ક્વોલિટી જોઈ વાલીઓ નારાજ છે. ધો.10નું ગુણપત્રક અને પ્રમાણપત્ર લાઈફ ટાઈમ દસ્તાવેજ છે, તો વિદ્યાર્થીઓને ફરીથી અગાઉની ક્વોલિટીવાળા ગુણપત્રક અને પ્રમાણપત્ર આપવા રજૂઆત કરવામાં આવી છે.